# ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના નિયંત્રણ હેઠળની સરકારી કોલેજોમાં કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકની પસંદગી અંગેની જાહેરાત

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૭/૦૬/૦૯ના ઠરાવ ક્રમાંક: જીસીઓ/૧૫૦૩/૨૨૨૯-ખથી કરેલ જોગવાઇઓ તથા તા. ૦૪/૦૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: જીસીઓ/૧૫૦૯/૩૫૫૯/ખ અન્વયે મળેલ મંજુરી અનુસાર રાજ્યની સરકારી વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો, અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકની રૂ.૨૫,૦૦૦/- પ્રતિ માસના ફિક્સ પગાર ધોરણવાળી સામેલ પત્રક અનુસાર વિષય મુજબની ખાલી જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા તેમાં દર્શાવેલ શરતોને આધીન માત્ર પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે ઉલ્લેખ કરેલ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી નિયત નમૂનામાં ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૦૯/૦૬/૨૦૧૬ થી તા.૧૮/૦૬/૨૦૧૬ સુધી વેબસાઇટ www.cheguj.com ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

## ૧. શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત :

### અ. વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને કાયદા વિદ્યાશાખાના વિષયો માટે :

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના રેગ્યુલેશન-૨૦૧૦ પ્રમાણે ઉમેદવાર જે તે વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ સંબંધિત વિષયમાં ૫૫ ટકા ગુણ તથા નેટ (પ્રમાણપત્ર) અથવા સ્લેટ (પ્રમાણપત્ર)ની લઘુત્તમ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

ઉમેદવાર કે જેઓ University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009 અનુસાર પી.એચ.ડી લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારોને NET/SLET લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે.આવા ઉમેદવારોએ University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009 અનુસાર પી.એચ.ડી લાયકાત મેળવેલ છે તે મુજબનું યુનિવર્સિટીના સક્ષમ સત્તાધિકારીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

### બ. શિક્ષણ વિદ્યાશાખા (બી.એડ કોલેજો) માટે :

યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૦ પ્રમાણે લાયકાત રહેશે.

જે તે વિષયમાં ૫૦ ટકા ગુણ સાથે અનુસ્નાતક ડિગ્રી તથા એમ.એડ (૫૫ ટકા ગુણ સાથે અથવા સમકક્ષ ગ્રેડ) તથા નેટ/સ્લેટ/સેટ પ્રમાણપત્રની લઘુતમ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

ઉમેદવાર કે જેઓ University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009 અનુસાર પી.એચ.ડી લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારોને NET/SLET લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે.આવા ઉમેદવારોએ University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009 અનુસાર પી.એચ.ડી લાયકાત મેળવેલ છે તે મુજબનું યુનિવર્સિટીના સક્ષમ સત્તાધિકારીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

મૂળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા વિકલાંગ ઉમેદવારોને યુ.જી.સી રેગ્યુલેશન ૨૦૦૯ અનુસાર અનુસ્નાતક કક્ષાએ વધુમાં વધુ ૫%નીછુટછાટ મળવાપાત્ર થશે.

## ૨. વયમર્યાદા :

**જાહેરાતની તારીખે .......**

૨.૧ વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના વિષયો માટે વધુમાં વધુ ૪૦ વર્ષ.

૨.૨ લૉ વિદ્યાશાખાના વિષયો માટે વધુમાં વધુ ૪૦ વર્ષ.

૨.૩ શિક્ષણ વિદ્યાશાખાના વિષયો માટે વધુમાં વધુ ૩૭ વર્ષ.

૨.૪ અનામત વર્ગના ઉમેદવારો માટે રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ વયમયાદામાં નીચે જણાવ્યા અનુસાર છુટછાટ આપવામાં આવશે. :

૨.૪.૧ અનુ. જાતિ, અનુ. જન. જાતિ અને સા. શૈ.પ વર્ગ- ૫ વર્ષ

૨.૪.૨ બિનઅનામત મહિલા ઉમેદવાર – ૫ વર્ષ

૨.૪.૩ અનામત વર્ગના મહિલા ઉમેદવાર – ૧૦ વર્ષ (આ છુટછાટમાં મહિલા માટેની છુટછાટ કે જે ૦૫ વર્ષની છે તેનો પણ સમાવેશ થઈ જાય છે.)

૨.૪.૪ વિકલાંગ ઉમેદવારો - ૧૦ વર્ષ

૨.૪.૫ ઉક્ત તમામ છુટછાટ ઉમેદવારની વય ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે મળશે.

## ૩. મેરીટ ગણતરી

શિક્ષણ વિભાગના તા.૧૭/૦૬/૨૦૦૯ના ઠરાવ અનુસાર કરાર આધારિત વ્યાખ્યાતા સહાયક માટે ૯૦ મેરીટ ગુણની ગણતરી નીચે મુજબ રહેશે.

| ક્રમ | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૦૧ | સ્નાતક કક્ષા | |
| | અ. ૫૧ થી ૭૦ ટકા (૧% દીઠ ૦.૨૫ ગુણાંક) | ૦૫ |
| | બ. ૭૧ થી ૮૦ ટકા (૧% દીઠ ૦.૫૦ ગુણાંક) | ૦૫ |
| | ક. યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ સ્થાન | ૧૦ |
| ૦૨ | અનુસ્નાતક કક્ષા | |
| | અ. ૫૬ થી ૭૦ ટકા (૧% દીઠ ૧ ગુણાંક) | ૧૫ |
| | બ. યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ સ્થાન | ૧૦ |
| ૦૩ | એમ.ફીલ | ૦૫ |
| ૦૪ | પી.એચ.ડી | ૧૦ |
| ૦૫ | નેટ/સ્લેટ | ૧૦ |
| ૦૬ | ISBN નંબર વાળા પ્રકાશિત થયેલ પુસ્તકો (પુસ્તક દીઠ-૧, વધુમાં વધુ ૦૫) | ૦૫ |
| ૦૬ | યુ.જી.સી ફેલોશિપ (માત્ર જેઆરએફ) | ૦૫ |
| ૦૮ | ISSN નંબર ધરાવતા સામયિકમાં પ્રકાશિત થયેલ લેખ/સંશોધન પેપર (લેખ દીઠ-૧, વધુમાં વધુ ૦૫) | ૦૫ |
| ૦૯ | અધ્યાપનનો અનુભવ વર્ષદીઠ-૧ | ૦૫ |
| કુલ | | ૯૦ |

ઉમેદવારોની પસંદગી યાદી ઉક્ત ૯૦ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે તથા ઇન્ટરવ્યુ કે ટેસ્ટ લેવામાં આવશે નહીં.

અરજી કરનાર અરજદાર જે વિષય માટે અરજી કરે તે જ વિષયમાં સ્નાતક અને અનુસ્નાતક હોવો જોઇએ તેમજ તે જ વિષયમાં નેટ કે સ્લેટ પાસ કરેલા હોવા જોઇએ. પીએચ.ડી. કરેલ ઉમેદવારે પણ તે જ વિષયમાં પીએચ.ડી. કરેલ હોવું જોઇએ.

પ્રકાશિત પુસ્તકો અને સંશોધન લેખો પ્રતિષ્ઠિત પબ્લિકેશનમાં અને સામાયિકોમાં ISBN અને ISSN નંબર સાથે પ્રગટ થયેલા હોવા જોઇએ તેમજ તેની ખરાઇ કરાવી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

સરકારી કોલેજોમાં કરેલી નોકરીને જ શૈક્ષણિક અનુભવ તરીકે માન્ય ગણવામાં આવશે. સેલ્ફ ફાઇનાન્સ કે ગ્રાન્ટેડ કોલેજો અથવા યુનિ. ભવનોમાં મુલાકાતી વ્યાખ્યાતા તરીકે બજાવેલી સેવાને અનુભવ તરીકે ધ્યાને લેવાશે નહી.

યુનિવર્સિટીમાં પ્રથમ આવનાર ઉમેદવારે જે તે વિષયમાં પ્રથમ વર્ગ પ્રાપ્ત કર્યા અંગેનું નહીં પણ જે તે વિષયમાં યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ મેળવ્યા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. માત્ર ગોલ્ડમેડલ ચાલશે નહી.

## ૪. પગાર ધોરણ :

કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકને પ્રતિ માસ ફીક્સ રૂ. ૨૫,૦૦૦/- વેતન મળવાપાત્ર થશે.

**૫. નિમણૂંકનો સમયગાળો:**

ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય, અથવા કોલેજની સંલગ્ન યુનિવર્સિટીના નિયમાનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ના દ્વિતિય સત્રની સમાપ્તિના આગળના દિવસ, બન્ને માંથી જે વહેલું હોય તે સમયગાળા માટે.

કોઇપણ સંજોગોમાં ઉમેદવારની નિમણૂંક તારીખથી ૧૧ માસથી વધુ  લંબાવી આપવામાં આવશે નહીં.

**૬. ભરવાપાત્ર જગ્યાઓ** :

વિષયવાર અને કેટેગરીવાર ભરવા પાત્ર જગ્યાઓની વિગતો આ સાથેના પત્રક-૧ મુજબ રહેશે.

**૭. અનામત કેટેગરીના ઉમેદવારો માટે** :

અરજી કરનાર ઉમેદવારોનું મેરીટ લીસ્ટ સરકારશ્રીનાં નિયમોનુસાર અનામત જગ્યાઓની ટકાવારી પ્રમાણે તૈયાર થશે.

અનામતનો લાભ લેવા માંગતા ઉમેદવારોએ જરૂર પ્રમાણેનાં લાગતા વળગતા તમામ પ્રકારનાં પ્રમાણપત્રો અને પુરાવાઓ રજૂ કરવાનાં રહેશે.

૭.૧ વિષયવાર કેટેગરી અનુસારની અનામત જગ્યાઓ પત્રક-૧માં દર્શાવ્યા મુજબની રહેશે.

૭.૨ આર્થિક રીતે પછાત વર્ગનાં ઉમેદવારો ગુજરાત સરકારશ્રીનાં તા.૧૨-૦૫-૨૦૧૬નાં ઠરાવ ક્રમાંક પવસ/૧૦૨૦૧૬/૫૩૮/ગ-૪ હેઠળ ૧૦ ટકા અનામતનો લાભ લેવા માંગતા હોઇ તેમણે ઠરાવમાં જણાવ્યા અનુસારનું આર્થિક રીતે પછાત વર્ગ અંગેનું નિયત નમુનામાં પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૭.૩ મૂળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા વિકલાંગ ઉમેદવારોને પ્રવર્તમાન નિયમોનુસાર લાયકાતમાં છુટછાટ મળવાપાત્ર થશે. આવા ઉમેદવારોએ પ્રમાણપત્ર ચકાસણી સમયે સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ / વિકલાંગતા અંગેનું અસલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૭.૪ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ઠ-ક ના નમૂનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે. પરિશિષ્ટ-ક નાં નમૂના મૂજબનું પ્રમાણપત્ર ગુજરાતીમાં તા.૦૧/૦૪/૨૦૧૬ પછીનું મેળવેલુ હોવું જોઇએ.

પરીણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ના સમયગાળાની આવકને ધ્યાને લઈ તા. ૦૧/૦૪/૨૦૧૬ કે ત્યારબાદ મેળવેલ હોવું જોઇએ.

## ૮. ઓનલાઇન અરજીપત્રક ભરવા તેમજ સમગ્ર ભરતી બાબતની અગત્યની સુચનાઓ

૮.૧ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત સમય મર્યાદામાં વેબસાઇટ www.cheguj.com પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

૮.૨ અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે. ઉમેદવારે ઓનલાઇન ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે જેમાં પાછળથી કોઇપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહીં કે તમારી વિશેષ કોઇ રજુઆત ગ્રાહ્ય રાખી શકાશે નહીં.

૮.૩ ટપાલ કે કુરીયર મારફત અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં અને રદ થયેલા ગણાશે. આ કચેરીને અરજીપત્રકો મોકલવા નહીં.

૮.૪ ઉમેદવારે સૌ પ્રથમ વેબસાઇટ www.cheguj.com પર રજિસ્ટર થવાનું રહેશે. ઉમેદવારે રજિસ્ટર થતાં આપેલ ઇ-મેલ આઇ.ડી પર વખતોવખત જરૂરી સુચનાઓ આપવામાં આવશે જેથી ઉમેદવારે પોતાના કબજા હેઠળનું ઇ-મેલ આઇ.ડી આપવાનું રહેશે.

૮.૫ ઉમેદવાર રજિસ્ટર થાય ત્યાર બાદ વેબસાઇટ પર લોગ-ઇન થવાથી અરજી ફોર્મ ખુલશે. અરજી ફોર્મ કાળજીપૂર્વક ભરવાનું રહેશે. અરજી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૮/૦૬/૨૦૧૬ સુધીમાં ઉમેદવાર લોગ-ઇન થઈ પોતાના ફોર્મની વિગતો સુધારી શકાશે પરંતુ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ બાદ કોઇપણ સંજોગોમાં ઉમેદવાર ફોર્મની વિગતો સુધારી / અપડેટ કરી શકશે નહીં. જો ઉમેદવાર ઓનલાઇન અરજી ફોર્મમાં પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહીં. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે. આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહીં જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

૮.૬ બિન અનામત કક્ષાનાં ઉમેદવારોએ રૂ.૨૦૦/- અરજી ફી પેટે ભરવાના રહેશે. પરંતું સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક પવસ/૧૦૨૦૧૬/૫૩૮/ગ-૪, તા.૧૨-૦૫-૨૦૧૬ મુજબ જે ઉમેદવારોનો બિન અનામત કક્ષાનાં આર્થિક રીતે નબળા વર્ગોમાં સમાવેશ થતો હોય તેઓએ તે અંગેનાં જરૂરી પુરાવાઓ રજૂ કર્યે  અરજી ફી માથી મુક્તિ આપવામાં આવશે. તેમજ એસ.ઇ.બી.સી., એસ.ટી, એસ.સી.અને શારીરિક અશક્તને પણ જરૂરી પુરાવાઓ

રજૂ કર્યે અરજી ફી માથી મુક્તિ મળી શકશે. ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે જરૂરી પુરાવા રજૂ ન કરવાને લીધે તેમણે બિન અનામત કક્ષાની અરજી ફી ભરેલ ન હોવાને કારણે ઉમેદવારની અરજી રદ ગણવામાં આવશે.

ઓનલાઇન ફોર્મ ભર્યા બાદ બિન અનામત કક્ષાનાં ઉમેદવારે ફોર્મ ફી ભરવા માટે ચલણ ડાઉનલોડ કરી પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. તથા નજીકની દેના બેંકની કોઇપણ શાખામાં ઉક્ત ચલણથી ફોર્મ ફી જમા કરાવવાની રહેશે. બેંકમાં ફી ભરવાથી ઉમેદવારને ચલણની એક કોપી પરત કરવામાં આવશે જેમાં બેંક દ્વારા ટ્રાન્ઝેક્શન આઇ.ડી દર્શાવવામાં આવેલ હશે.

ઉમેદવાર NTFS મારફત ઓનલાઇન નીચેની વિગતના ખાતામાં ઉમેદવારી ફી જમા કરાવી શકશે. આવા ઉમેદવારોએ ફી ભર્યાના ૨૫ કલાક બાદ રેફરન્સ આઇ.ડી વડે અરજી કન્ફર્મ કરવાની રહેશે.

- બેંકનું નામ: દેના બેંક
- ખાતા નં :૦૩૦૮૧૦૦૨૭૯૦૦
- IFSC Code : BKDN0130308
- MICR Code: 380018053

ચલણ ડાઉનલોડ કર્યા બાદના કામકાજના એક દિવસ બાદ ઉમેદવારે વેબસાઇટ www.cheguj.com પર પોતાના યુઝર આઇ.ડી – પાસવર્ડથી લોગ-ઇન થવાનું રહેશે તથા ચલણથી ફી ભર્યા અંગેના ટ્રાન્ઝેક્શન આઇ.ડી જણાવવાના રહેશે જેથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી ઉમેદવારની અરજી સ્વીકારવામાં આવેલ છે તે પ્રકારની સુચના પ્રદર્શિત કરવામાં આવશે. ઉમેદવારનું ફોર્મ સ્વીકારવામાં આવેલ છે તે મુજબની સુચના પ્રદર્શિત ન થાય ત્યાં સુધી ફોર્મ સબમીટ થયેલ ગણાશે નહીં તથા આવા ઉમેદવારોની અરજી ધ્યાન પર લેવામાં આવશે નહીં.

કામકાજના દિવસો દરમ્યાન દરરોજ બપોરના ૧૨.૦૦ કલાકે સિસ્ટમમાં બેંક દ્વારા પુરા પાડવામાં આવેલ ટ્રાન્ઝેક્શન આઇ.ડીનો ડેટા અપડેટ કરવામાં આવશે. જેથી ફી ભર્યાના ૨૫ કલાક બાદ જ ટ્રાન્ઝેક્શન આઇ.ડી દાખલ કરવાથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી શકાશે.

અનામત કક્ષાનો લાભ લેવા માંગતા ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી ન હોવાથી ઓનલાઇન અરજી ફોર્મ ભર્યા બાદ અરજી કન્ફોર્મ કરવાની રહેશે. જો અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં અરજી કન્ફોર્મ કરવામાં ન આવી હોય તો તેવી અરજી આપોઆપ રદ થશે.

૮.૭ ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી જરૂર પડેથી રજુ કરવાની રહેશે.

૮.૮ કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકની ભરતી સંબંધિત તમામ સુચનાઓ/વિગતો વખતોવખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે.

૮.૯ વિષયવાર કેટેગરી અનુસાર ખાલી જગ્યાઓ અનુસાર ઉમેદવારોની શોર્ટલીસ્ટ થયેલ કામચલાઉ મેરીટ યાદી www.cheguj.com પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

૮.૧૦ શોર્ટલીસ્ટ યાદી અનુસારના ઉમેદવારોએ લોગ-ઇન થઇને પ્રમાણપત્ર ચકાસણી તેમજ સ્થળ પસંદગી માટેનો કોલ લેટર ડાઉનલોડ કરવાનો રહેશે તથા કોલ લેટરમાં જણાવવામાં આવેલ સમય અને સ્થળે રૂબરૂમાં સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. ફાળવેલ સમય અને તારીખે ઉમેદવાર ઉપસ્થિત ન રહી શકે તો તેઓનો નિમણૂંક મેળવવા માટેનો હક રદબાતલ થયેલ ગણાશે.

**પ્રમાણપત્રોનું વેરીફીકેશન નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત (કે.સી.જી.),પ્રજ્ઞાપુરમ,એલ.ડી.કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે કરવામાં આવશે.**

૮.૧૧ ઉમેદવારના પ્રમાણપત્ર ચકાસણી સમયે જો કોઇ કારણસર દાવો કરેલ મેરીટ માર્ક્સમાં ઘટાડો થાય અને તે માર્ક્સ જે તે વિષય /કેટેગરીના કટ ઑફ માર્ક્સ કરતાં ઓછા થાય તો તેવા ઉમેદવારોને જે તે રાઉન્ડ દરમ્યાન કોલેજની ફાળવણી કરવામાં આવશે નહીં.

૮.૧૨ પ્રમાણપત્રોની ચકાસણી કરાવેલ હોય તેમજ જે તે વિષય/કેટેગરીના શોર્ટલિસ્ટ માટેના કટ-ઑફ માર્ક્સ કરતાં વધુ મેરીટ ધરાવતા ઉમેદવારે આપેલ કોલેજોના પસંદગી ક્રમ તથા તેઓના મેરીટ ગુણને આધારે સિસ્ટમ દ્વારા કોલેજની ફાળવણી કરવામાં આવશે તથા ઉમેદવાર www.cheguj.com પર લોગ-ઇન થઈને પોતાનો નિમણૂંક આદેશ ડાઉનલોડ કરી શકશે.

૮.૧૩ ઉમેદવારની નિમણૂંક થાય ત્યાર પછી નિમણૂંક આદેશમાં જણાવ્યાનુસારની મુદતમાં ફાળવાયેલ કોલેજમાં હાજર થવાનું રહેશે અન્યથા ઉમેદવારનો નિમણૂંક આદેશ આપોઆપ રદ થયેલ ગણાશે.

**કોઇપણ સંજોગોમાં સ્થળ બદલી આપવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.**

૮.૧૨ ઉમેદવારે મેળવેલ લાયકાત સંબંધી અસલ પ્રમાણપત્રો અથવા આધારો પ્રમાણપત્ર ચકાસણી સમયે રજુ કરવાના રહેશે.

૮.૧૩ કોઇ ઉમેદવારે બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ચેડા કરેલ માલુમ પડશે તો તેમની સામે નિયમાનુસાર શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે.

૮.૧૪ જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠેરવવામાં આવશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇપણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજુઆત સ્વિકારવામાં આવશે નહીં.

૮.૧૫ ઉમેદવારે પ્રમાણપત્ર ચકાસણી સમયે ફોટો આઇડેન્ટીટી પ્રુફ સાથે રાખવાનું રહેશે તેમજ માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.

૮.૧૬ ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા સાથે સંકળાયેલ અધિકારી/કર્મચારીઓનો સંપર્ક કરવો નહીં. કોઇપણ પ્રકારે દબાણ લાવનાર કે ભરતી પ્રક્રિયામાં વિક્ષેપ કરનાર ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

૮.૧૭ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી તમામ ઉમેદવારોને સમાન તક આપશે.

**ઉચ્ચ શિક્ષણ કમિશ્નર**
**ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,**
**૧૨/૨, ડો જીવરાજ મહેતા ભવન,**
**ગુ.રા., ગાંધીનગર.**